An International Multidisciplinary Journal
अनन्यशास्त्रम्
(A Unique Treatise of Knowledge)
ISSN:3049-3927 (Online)
Volume: 01 | Issue: 02 | August: 2025
Research Article

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
Peer-Reviewed | Refereed | Open Access Journal
DOI: https://doi.org/10.64328/aimjv01i02027

# અકૂપાર અને પર્યાવરણચેતના

આરતી અનિલકુમાર પારેખ*


## સારાંશ

માનવનો પર્યાવરણ સાથેનો સંબંધ ઔપચારિક નથી. ગાઢ, ગૂઢ, સંકુલ અને ઘણો ગહન છે. માનવ અનુભવોમાં પર્યાવરણનો અનુભવ પ્રાથમિક અને ઘણો પ્રમુખ છે. છેક ઋગ્વેદના સમયથી સાહિત્યમાં પ્રકૃતિનું તત્વ સ્થાન પામ્યું છે. તેનું મુખ્ય કારણ માનવ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ છે. માનવ પોતે જ પર્યાવરણનો આકર્ષક ઉન્મેષ છે. પશુ-પંખી, પુષ્પો, પ્રકાશ વગેરેની જેમ માનવ પણ પર્યાવરણનો જ એક ભાગ છે, એક અંશ છે. જે પિંડે છે તે બ્રહ્માંડે છે. માનવ પોતે પંચમહાભૂતોનો બનેલો છે. તેની આસપાસના બ્રહ્માંડમાં પણ પંચમહાભૂતો ભૂમિ, વાયુ, જળ, હવા અને અગ્નિ છે. મનુષ્યની કૃતિ અને માનવજાતની સંસ્કૃતિ બંને પર્યાવરણના તત્ત્વો પર નિર્ભર છે, પ્રેરિત અને ઉદ્દીપ્ત છે. માનવનો પર્યાવરણ સાથેનો સંબંધ ભૂતકાળમાં તો હતો જ, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ રહેશે. દેશકાળ પરિવર્તન પામે, વાતાવરણ પરિવર્તન પામે, મનુષ્ય પરિવર્તન પામે. મનુષ્યના જીવનનાં વહેણ અને વળાંક આવે તે સાથે પર્યાવરણ સાથેનો તેનો સંબંધ અને અભિગમ પણ પરિવર્તન પામતો હોય છે.

વિજ્ઞાન અને યંત્રસંસ્કૃતિના વિકાસની અસર પર્યાવરણ પર પડી છે એટલું જ નહીં, માનવની આંતરપ્રકૃતિમાં પણ પરિવર્તન આવ્યું છે. આ બધાને કારણે પર્યાવરણનું સંતુલન ખોરવાયું છે. ભૌતિક સુખો પાછળની દોડને કારણે આપણું પ્રાકૃતિક જીવન નંદવાયું છે. આપણે પ્રકૃતિને - પર્યાવરણને પણ હાનિ પહોંચાડી છે. કેટલાક જાગૃત ચિંતકોએ 'ઇકોક્રિટિસિઝમ'. 'ઇકોફેમિનિઝમ' જેવી વિચારધારાઓ પ્રગટ કરી છે અને પર્યાવરણના બચાવની પ્રવૃત્તિ આરંભી છે ત્યારે સર્જકચેતનાએ આ સંદર્ભે શું અનુભવ્યું છે અને સર્જન દ્વારા શું અભિવ્યક્ત કર્યું છે તેનો અભ્યાસ કરવાનો પ્રયત્ન પ્રસ્તુત શોધપત્રમાં કર્યો છે.


**ચાવીરૂપ શબ્દો:** અકૂપાર, પર્યાવરણ, પર્યાવરણવાદ

અકૂપાર નવલકથા ધ્રુવ ભટ્ટ વિરચિત છે, જેમાં તેમણે ગીરની સૃષ્ટિને બચાવવા માટેનું સુંદર આલેખન કર્યું છે. આ નવલકથા ૨૭ પ્રકરણમાં વિભાજિત થયેલી છે. ગીરના સિંહ અને માનવીની કથા નવીન રીતે જ આલેખવામાં આવી છે. નવલકથાના કથાવસ્તુને ગૌણ રાખીને પર્યાવરણને બતાવવાનો પ્રત્યન કર્યો છે. કૃતિનો આરંભ આઈમાના ગીરને ઉદ્દેશીને બોલાયેલા 'ખમા ગયરને' શબ્દોથી થાય છે. આઈમાના નેસમાં ખાટલામાં આડો પડેલો નાયક નેસ અને બહારનું પ્રાકૃતિક વાતાવરણ પોતાની સંવેદનામાં અનુભવી રહ્યો છે. ત્યાં આઈમા દ્વારા

**લેખક સંપર્ક:* આરતી અનિલકુમાર પારેખ, પીએચ.ડી. શોધાર્થી, ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ગુજરાત, ભારત.,
Email: Parekhaarti2010@gmail.com, ORCID: https://orcid.org/0009-0004-3196-8900
© 2025 Author(s). Published by Young India Publication, Gandhinagar, Gujarat, India

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

બોલાયેલા શબ્દોનો અર્થ પામવાનો તે પ્રયાસ કરે છે. જંગલમાં સર્જાયેલું એક ભયપ્રેરક ચિત્ર અહી કેવું નિરૂપણ પામ્યું છે તે જુઓ,"એવે સમયે અચાનક હરણનો ભયસૂચક દેકારો વહી આવ્યો. તે સાથે જ મોરના એક સામટા સ્વર અને વાનરોનો મહાહુંકાર જાણે જાગી ઊઠયો અને આખુંય વાતાવરણ ભયાવહ રીતે ખળભળી ઉઠ્યું. થોડી ક્ષણો સુધી ચિત્ર-વિચિત્ર અવાજો આવ્યા પછી તરત જ ક્ષિતિજ સુધી ચળકતા નક્ષત્રલોક તળે આ ભૂખંડમાં પૂર્વવત્ શાંતિ સ્થાપિત થઈ ગઈ."(પૃ .૪) આઈમાના શબ્દો તથા જીવન અહીં ગીરની પ્રકૃતિ સાથે કેટલા ઓતપ્રોત છે તે દેખાય છે. ગીરના પ્રાણીઓ સાથે અને એક મર્યાદા સાથે જીવતા આ પાત્રો જ પ્રકૃતિના સાચા સંરક્ષકો છે. વર્ષોથી ગીરનું પ્રાકૃતિક જીવન જીવતા આ ગીરના જીવડાં, પશુ-પક્ષીઓ અને પ્રકૃતિ સાથે એક આમાન્યા - મર્યાદાથી જીવે છે. આવી આમાન્યા સરેરાશ માનવ પણ પ્રકૃતિ અને તેના વિવિધ તત્ત્વો તથા જીવો સાથે ધરાવતો થશે ત્યારે પ્રકૃતિ સ્વયં વધુને વધુ ખીલતી રહેશે અને માનવ અસ્તિત્ત્વ પણ! કોઈની રજા વગર ગીરના આવા પ્રાકૃતિક માહોલમાં બેઠેલા નાયકને ગીરનો સંરક્ષણ ગાર્ડ મુસ્તુફા યોગ્ય જ કહે છે કે, "અમે નેસના મે'માન થાવાની પરમીટ લીધી ઈમાં ના નઈ; પણ આંય રે'વાના હોવ તો કઈ દઉં કે એકલા બારા નો જાવું. આંયનો કોક સોકરો હાયરે હોય તોય હાલે. ઈને ગર્યની બધી આદત્યું હોય; તમને નો દેત ઈ પોતે આમ નો બેહી જાય કહીને ઉમેર્યું 'આ ગર્ય છે, બાપાનું ઘર નથ્ય. આમ મન ફાવે ન્યાં ખોડાઈ નો જવાય.(પૃ.૩૧) જે વિસ્તારમાં હિંસક પ્રાણીઓ રહે છે તે વિસ્તારમાં કેવી રીતે રહેવું તે શીખી લીધું હોય તેવા માણસને વાંધો આવતો નથી. તે વાત મુસ્તુફાના ઉપરોક્ત વાક્યો દ્વારા સમજાય છે. પ્રકૃતિના સર્વ જીવો એક મર્યાદા સાથે શાંતિથી જીવવા ઈચ્છે છે. તે માણસ પામી જાય તો તેની અને માણસની વચ્ચે સંઘર્ષ ઊભો થતો નથી અને તેમ બને એ પ્રકૃતિ સંરક્ષણના પૂરા હિતમાં છે.નાયકના મનમાં વિચાર આવે છે કે; 'આઈમા આખી ગીરને ખમા કહે છે, પેલી છોકરી સિંહણને જણી કહે છે, મુસ્તુફા આંબલાને રુપાળો કહે છે અને હવે ડુંગરના લગ્નની વાત આવી. ખબર નહીં કઈ કોડીલી કન્યાને પરાણે ડુંગર સાથે પરણાવી દેવાઈ હશે! મે પૂછ્યું, 'ડુંગર સાથે કોણ લગ્ન ?(પૃ.૩૩) જેને આપણે જડ–કઠોર અને મહત્વહીન ગણીએ છીએ તે ડુંગરો-ઘંટલા,ઘંટલીને આ લોકો તેમાં માનવીય ભાવોનું આરોપણ કરીને તેના લગ્ન કરાવે છે. ગીરનો સાવજ, ત્યાંના પક્ષી-પ્રાણીઓ અને વનસ્પતિ તથા સમગ્ર પ્રકૃતિ આદિકાલથી આજ સુધી સંરક્ષિત રહી શકી છે. તે આ ગીરવાસીઓની ઉમદા લાગણીઓ અને ભાવનાને કારણે છે. ગીરમાં રહેતો દરેક જીવ પોતાની મર્યાદા જાળવે તો તે સૌના હિતમાં છે પરંતુ વિકાસની હરણફાળ અને પૈસા સંપતિની લાલચમાં આ મર્યાદા ભૂલતો જાય છે, ગીરની પ્રકૃતિની આ જાળવણી અંગેની કથા ને સમજણ પ્રસંશનીય છે. ગીરમાં સિંહનો મૃતદેહ મળે છે તો શિકારીને શોધવા જંગલ ખાતાના અધિકારીઓ દિન -રાત કામે લાગી જાય છે. સિંહો છેક દૂરદૂરના પ્રદેશો સુધી ફરતા થયાં છે અને માનવને નુકશાન પહોંચાડે છે. એ અંગે સાંસાઈના વિધાનો સત્ય છે જેમ કે; "સાવજું વધી ગ્યાં એટલે બારા નીકળી ગ્યાં સે ઈ બધી વાત્યું છાપાની.ગર્ય કયા લગણ કેવા'ય ઈની બાયને સ્હું ખબર પડે? સ્હાસુ તો ઈ કે સે ગર્યની માલીકોર્ય આપડે રે'વા મંડ્યા; તોય ગર્યના જીવ માતરે આપડી આમાન્યા રાખી. ઈની જીગ્યા દબાતી ગય એમ ઈ અંદર જાતા ગ્યાં. પસી વધતું જ જાય તો સ્હાવજ કયો કે બીજા જીવ જાય કયા"? (પૃ, ૧૨૦) તે આગળ પણ કહે છે કે,'જનાવર આપડી હાયરે રે'તા સીખી ગ્યાં. આપડે ઈની હાયરે રે'તા નો સીખ્યા? (પૃ, ૧૨૦) સાંસાઈની જેમ જ તેની બહેનપણી લાજો પણ ગીરનું ચાહક અને અત્યંત સમજદાર પાત્ર છે. આ લાજોની ગાય જે તેના પિતાએ તેના લગ્ન વખતે નાનકડી વાછરડી રૂપે આપી હતી તેને એક દિવસ સિંહો શિકાર કરી દે છે. તેની નજર સામે જ. પોતાની ગાયને અત્યંત ચાહતી હોવા છતાં તે તેના પતિને સિંહોને ભગાડવા જતાં રોકે છે, કારણ કે એકવાર સિંહે હુમલો કર્યો હોય તે ગાયનું બચવું મુશ્કેલ છે. પોતાની પ્રિય ગાય રિબાઈને દુ:ખી થાય તો તેને તે જોઈ જ ના શકે આથી તે તેમ કરે છે. ગાયનો જીવ ગત્યે જાય તે માટે તે અગિયારસના ઉપવાસ કરવાની બાધા રાખે છે. જે સિંહણોએ તેની પ્રિય ગાયનું મારણ કર્યું છે તે સિંહણોને કહે છે, "ઘરની છોડી જેવી ગાયનું દાન તમને દીધું સે. તમારા 'ને તમારા બસોળિયાના પેટ ઠરે. બીજું તો તમનેય સ્હું કંવ! " (પૃ. ૧૩૯) પોતાની ગાય માટે ગાઢ લગાવ હોવા છતાં સાવજ માટેની શુભભાવના ધરાવતા ચરિત્રો જ આ ગીરને અને તેની પ્રકૃતિને ઉની આંચ ન આવવા દે તે સમજવા જેવું છે. મધ્યપ્રદેશના વિધ્યાર્થીઓ પ્રાકૃતિક શિબિર માટે ગીરમાં આવ્યા છે તે વખતે સિંહ અને ગીર

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

વિશે તથા તે સંદર્ભે પ્રકૃતિ સંરક્ષણ તથા સંતુલન અંગે જે ચર્ચા થાય છે તે પણ નોંધવા લાયક છે. સમગ્ર ભારતમાં ગીરમાં જ કેમ સિંહ સાચવાયેલા રહ્યા તેના કારણોની ચર્ચામાં સૌરાષ્ટ્રના લોકો માંસાહારી નથી. આથી સિંહ સાથે ખોરાક સંબધે (વન્યજીવે હરણા, સસલા, સાબર વગેરેનો શિકાર થતો નથી) સંઘર્ષ થતો નથી. આ સિવાયના મહત્વના કારણ પર પ્રકાશ પાડતા રવિભાઈ કહે છે કે " ગુજરાત વનવિભાગની સ્થાપના થઈ ત્યારથી આજ સુધી જે અફસરો ગીરમાં આવ્યા ઈ બધા જ પ્રકૃતિના અને ખાસ કરીને ગીરના પરમ ચાહકો બની રહયા છે. તે સાથે જ પ્રજાકીય સહકાર પણ તેમણે મળ્યો છે. ગુજરાતની, ખાસ તો સૌરાષ્ટ્રના અને સોરઠની પ્રજાને સ્હાવજને જે'રીતે ચાહ્યો છે. જે માન અને સ્થાન આપ્યું છે તે અદ્વિતીય છે. આ પ્રજા ગીરને તેની સૃષ્ટિને અને સિંહોને જે રીતે ચાહે છે તે પ્રકારે ચાહતી બીજી કોઈ પ્રજા મે જાણી નથી." (પૃ.૧૫૧) ગોપાલ આ વાતને જરા વિસ્તૃત કરતા કહે છે કે, 'ગીર એટલે માત્ર સિંહોને નહીં, પ્રકૃતિને ચાહતા હોય' , સમગ્ર કુદરતની ઉપાસના કરતાં હોય. (પૃ.૧૫૧) આ ચર્ચામાં સિંહોને મધ્યપ્રદેશ લઈ જવાની બાબતે સાંસાઈની હાજરીથી ચર્ચા ઉગ્ર બનવા તરફ જઈ રહી છે ત્યારે નાયક કહે છે. " માણસે પોતાના નિષ્કર્ષો અને નિર્ણયો પ્રકૃતિ પર થોપવાનું વિચાર્યું હોય તેવા આ પહેલો કિસ્સો નથી. કહેવાય છે એવું કે આ આખીયે વાત મૂળ તો સૃષ્ટિ સંતુલન સાથે સંકળાઈ છે. મારુ માનવું એમ છે કે આપણે જો એવું સ્વીકારીએ કે પ્રાણીઓને રહેવાના સ્થાન કે તેમની અન્ય બાબતો માટે નિર્ણય કરવાનો અધિકાર માણસને છે તો, મારે કહેવું જોઈએ કે એ ખ્યાલ ખામીભર્યો છે. કારણ કે પ્રાકૃતિક અસંતુલન આવા વિચારોથી સર્જાય છે. ગીરમાં આવેલા કંકાઈમાના મંદિરે આરતીની પરવાનગી માણસોને આપવી જોઈએ તે અંગે સાંસાઈ કહે છે, તે ગીરની પ્રાકૃતિકસંપદાની જાળવણીમાં બહુ જ મહત્વની વાત છે. દા.ત ' ગામમાં પાસો જા તંયે કો'ક આના-બાપાને પુસી જોજે. આ ગાંડિયું નો'તી તીયારે ગ્યર માં કોણ જાતું? જીને સ્હાદ સંભળાય ' ને રઈ નો હકે જાતા. જાત્ય ભૂલીને જનવરું હાયરે કુટુમની ઘોડે રે'તા સિખાતો જાય ઈ ઠેઠ જઈને ભજન માંડે. વીરા કહનારાયે આ થાનક દરસન આરતી સ્હારૂં કે મોટરૂં, લક્ઝરિયું ભરીભરીને મેળા કરવા સ્હારૂં નથ કર્યા. બાપ, આ તો અલખના ઓટલા સે. સ્હાદ સ્હાભાળવાની જિગ્યાયુ સે. ન્યાં કિરતનના મેલ કે ઢોલ નગારા નો હોય, ન્યાં બવ બવ તો એકતારો ' ને મંજીરાં હોય " (પૃ,૧૫૫)

આ નવલકથામાં માત્ર ગીરની પ્રકૃતિના સંરક્ષણની જ વાત નથી. નાયક અમદાવાદથી આવેલા પર્યાવરણ જાળવણીનું કામ કરતાં માણસો સાથે દોડતા દરિયાકિનારે જાય છે. તેઓ વ્હેલ-શાર્કનો શિકાર અટકાવવાનું કાર્ય કરી રહયા છે. જે રીતે સમુદ્રમાંથી વ્હેલ જેવી મહાકાય માછલીઓ નામશેષ થવા જઈ રહી છે. તે બાબતે તેના પર પ્રતિબંધ મૂક્યો છે તેમ આપણે ત્યાં પણ પ્રતિબંધ છે છતાં તેનાથી પ્રાપ્ત થનારા વળતરનો લોભ માછીમારો જતો કરી શકે તેમ નથી. ગોપાલ, રવિ અને નાયક તથા અમદાવાદથી આવેલા માણસો કાદર વગેરેને તે સમજાવવામાં નિષ્ફળ જાય છે. ભગત રેતીમાં બેસીને હિરણ નદીની કવિ દાદ રચિત બિરદાવલી લલકારે છે તે અંગે વિક્રમ જે વિચારે છે તે નોંધવા જેવુ છે. દા.ત " જ્યાં કવિત બન્યું હોય ત્યાં બેહીને ગાવાનું હોય એટલે ગનારા ને તો મોજ આવે જ પણ તોય, ભગત કરતાંય સ્હાચો ખીલ્યો હસે બાપ, કવિ દાદ . એ નદીને ભાળતા વેંત જ જેને આવું કવિત જડ્યું તયે ઈનો રુદિયો કેટલો રાજી થ્યો હશે! ઈ તો આંય, આ ગ્યરમાં, આ જગ્યાએ નાચ્યો હશે." (પૃ,૨૪૫) પ્રકૃતિના રમ્ય એવા નદીના સ્વરૂપને આત્મસાત કરી તેના લયમાં જીવનનો સર્વોચ્ચ આનંદ પામતો માનવી પ્રકૃતિને નુકશાન કેવી રીતે પહોંચાડી શકે! અને એટલે જ પ્રકૃતિ વિભિન્ન સ્વરૂપોને આટલા લગાવથી પ્રેમ કરતો થશે તો પર્યાવરણના પ્રશ્નો આપોઆપ ઊકલી જશે. આ કૃતિ માં ખરો પર્યાવરણ પ્રેમી જીવ છે રવા આતા, અંધ હોવા છતા ગીરમાં બચેલા માત્ર થોડાક સિંહોને બચાવવા તે જુનાગઢ સુધી જવાની હામ ભીડે છે. અંગ્રેજ અમલદારને મળી નિર્ભીક રીતે પોતાની વાત રજૂ કરે છે. તેના વાક્યોમાં પ્રગટતી ખુમારી અને સિંહ તથા ગીર પ્રત્યેની ગહન લાગણી ઓતપ્રોત છે તે જુઓ; 'ગ્યરમાં જીવ માતરની એક જાત્ય ને એક વંશ. આવું નો માની યે તો ન્યાં રઈને જીવી નો હકાય. ચારણે કહ્યું; ગ્યર અને ઈના જીવને આધારે અમી સંઈ અને અમારે ઈ સ્હંધાય સે. તમી ઈને મારો કે અમને, સ્હંધુંય એકનું એક, ગ્યરમાં સ્હાવજના પૂસડા સે તો અમે સંઇ. પસી તો અમીય નઈ હોય." (પૃ.૨૬૪) દાનાભાઈ દીપડાના હુમલાનો ભોગ બની હોસ્પિટલમાં પડ્યા છે છતાં લક્ષ્મી દીપડાની ચિંતા સેવે છે. એ જ રીતે સિંહના હુમલાનો ભોગ

ANANYAŚĀSTRAM:
An International Multidisciplinary Journal
(A Unique Treatise of Knowledge)
ISSN : 3049-3927(Online)

બની પથારીવશ થયેલો ધાનું પણ સિંહની ઉદારતા ના જ ગુણ ગાય છે. જંગલ સાથે એટલા ઓતપ્રોત આ માનવો છે કે ભરથરી વિક્રમ જ ખરું કહે છે કે, 'અમને જંગલ હાયરે બોલતા ફાવે.' (પૃ,૧૧૨) આ નવલકથાનું અગત્યનું ચરિત્ર સાંસાઈ તો તેનું સમગ્ર જીવન આ ગીર અને તેની પ્રકૃતિ તથા પ્રાણીઓ માટે અર્પણ કરી દે છે. કેટકેટલી જગ્યાએ તે પહોંચી જાય છે અને પ્રશ્નોનું નિરાકરણ લાવવા દોડાદોડી કરે છે. આ નવલકથામાં ગીરની સૃષ્ટિને બચાવવા માટે થયેલા પ્રયત્નોની વાત આલેખવામાં આવી છે. આવી ગુજરાતી સાહિત્યમાં અનેક નવલકથાઓ મળી આવે છે.

## સંદર્ભ ગ્રંથો:

૧) અકૂપાર, ધ્રુવ ભટ્ટ

૨) પર્યાવરણકેન્દ્રી વિવેચનવિચારણા, નૂતન જાની, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ